SHIKSHĀPATRI

॥ शिक्षापत्री ॥



Written By : Bhagwān Swāminārāyan

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર-લોયાધામ

SHIKSHĀPATRI

॥ वंदे गुरुपरंपराम् ॥

Shree Swaminarayan Mandir - Loyadham

Loyadham





मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ।

અમારી વાણી તે અમારું સ્વરૂપ છે. એ રીતે પરમ આદર થકી માનવી.

Reverently honor My words as My personified form (Shlok 209)

- ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રી શ્લોક-૨૦૯

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

|| SHIKSHĀPATRI ||

Holy Commandments of Lord Swaminarayan

॥ શિક્ષાપત્રી ॥



Written By : Bhagwān Swāminārāyan

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ

શિક્ષાપત્રી (સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી)
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ
મુ.પો. લોયા, તાલુકો : સાયલા, જીલ્લો : સુરેન્દ્રનગર.
પીન : 363410, મો. 9099897800, 9925207504
visit us : www.Loyadham.in
Email : loyadhamnj@gmail.com
પ્રેરક : પરમ પૂજ્ય સદ્‌ગુરૂ શાસ્ત્રી
શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
પ્રકાશન તિથિ : લોયાધામ મહોત્સવ-૧ અંતર્ગત
શ્રી ઘનશ્યામ મહારાજનો દશાબ્દિ મહોત્સવ
તા. 20 થી 28 જુલાઈ - 2024 - ન્યુજર્સી - અમેરીકા
આવૃત્તિ : પ્રથમ
પ્રત : 5000
પડતર કિંમત : 30/-
વેચાણ કિંમત : 15/-
મુદ્રક : શ્રીજી આર્ટ - અમદાવાદ
પ્રાપ્તિસ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ અને
તેની તમામ શાખાઓમાં ઉપલબ્ધ.

શુભાશિષ

ભગવાન શ્રી સ્વામિનારાયણે યાવચ્ચંદ્ર-દિવાકરો આત્યંતિક કલ્યાણના માર્ગરૂપ આ સંપ્રદાય પ્રવર્તાવ્યો છે. નિઃશ્રેયસનો ધોરીમાર્ગ અવિરત ચાલતો રહે તે માટે અનેક શાસ્ત્રો રચાવ્યા છે. તેમાં પણ શ્રીજી મહારાજે આપના પર અનહદકૃપા કરીને સ્વયં શિક્ષાપત્રી લખી છે. આ શિક્ષાપત્રી ગાગરમાં સાગર છે, સમસ્ત શાસ્ત્રોના સારરૂપ અક્ષરધામની સીડી છે અને સાક્ષાત્કાર ભગવાનનું બોલતું સ્વરૂપ છે. આ શિક્ષાપત્રીનાં અનુપાલનથી ઐહિકામુષ્મિક સિદ્ધિની બાહેંધરી સ્વયં શ્રીજી મહારાજે આપી છે.

શિક્ષાપત્રીનો નિત્યપાઠ થઈ શકે તે માટે લોયાધામ દ્વારા પ્રથમવાર સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી ત્રણ ભાષામાં આ કલ્યાણકારી ગ્રંથનું પ્રકાશન

થઈ રહ્યું છે તે જાણી અતિ આનંદ થાય છે. આ પ્રકાશન કાર્યમાં મદદરૂપ થનાર સાધુ સત્સંગવલ્લભદાસ, સાધુ ધ્યાનવલ્લભદાસ, સાધુ જ્ઞાનવલ્લભદાસ આદિ સર્વ કોઈ પર ભગવાન શ્રીહરિની કૃપાવર્ષા થતી રહે અને શિક્ષાપત્રીની શ્રેયસ્કરી આજ્ઞાઓનું પાલન કરી સર્વેભક્તો શ્રીહરિની મૂર્તિના રસભોક્તા બને એ જ પ્રાર્થના સાથે...

— શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસ સ્વામીના
જય શ્રી સ્વામિનારાયણ.

પ્રસ્તાવના

સર્વોપરી, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં કરુણા કરીને સંવત ૧૮૮૨, મહાસુદ વસંતપંચમી (તા. ૧૨/૦૨/૧૮૨૬)ના દિવસે વડતાલમાં "શ્રીહરિ મંડપમાં" બિરાજી "સર્વજીવહિતાવહ" શિક્ષાપત્રીનું આલેખન કર્યું છે. માટે શિક્ષાપત્રીના શબ્દો શાશ્વત છે, નિત્યનવીન છે અને સંસારરૂપીદીર્ઘ રોગને મટાડવામાં ઔષધરૂપ છે. શિક્ષાપત્રી એ મનુષ્યમાત્ર માટેની આચારસંહિતા (આજ્ઞાપત્રી) છે અને સંસારમાં અટવાતા મનુષ્યોની માર્ગદર્શિકા છે.

શિક્ષાપત્રી - ગાગરમાં સાગર

શિક્ષાપત્રી સર્વધર્મ પ્રત્યે આદરભાવ બતાવનાર એક સમન્વયાત્મક વૈદિક ગ્રંથ છે. આજના પ્રગતિશીલ જમાનામાં પ્રવૃત્તિમાં વ્યસ્ત માનવીની શ્રદ્ધા-ભક્તિ અને સમય મર્યાદાને લક્ષમાં રાખી

દીર્ઘદ્રષ્ટા શ્રીહરિએ શિક્ષાપત્રીને ખૂબજ સંક્ષિપ્ત, સૂત્રાત્મક અને સુસ્પષ્ટ બનાવી છે અને સદાચારી જીવન માટેના અનિવાર્ય તમામ પાસાઓનો આમાં સમાવેશ થાય છે, છતાં પણ આ ગ્રંથ સૌથી નાનો છે એ એની વિશેષતા છે. શિક્ષાપત્રીનાં ૨૧૨ શ્લોકોમાં વૈદિક પરંપરાનાં તમામ શાસ્ત્રોનો સાર છે. આમાં ૩૬૦ ગ્રંથોનાં ૩,૯૪૯ પ્રમાણો છે. આમ, શિક્ષાપત્રી ગાગરમાં સાગર અને બિંદુમાં સિંધુ સમાન છે.

શિક્ષાપત્રીમાં શું છે ?

શિક્ષાપત્રીનો એક એક શબ્દ અર્થસભર છે. આજના જમાનાની અનેક વિકટ સમસ્યાઓનું સમાધાન શિક્ષાપત્રીમાં છે. શિક્ષાપત્રીમાં મુખ્યત્વે આચરણની વાત છે. જેમાં આચાર્ય, સંતો, હરિભક્તો, સાંખ્યયોગી, કર્મયોગી, રાજાઓ વગેરેએ કેવી રીતે વર્તવું તેના નિયમો છે.

આ નાનકડા ગ્રંથમાં ક્યાં થુંકવું ? ક્યાં મળ-મુત્ર કરવું ? જેવાં લોકજીવનના સામાન્ય વ્યવહારથી

માંડીને તત્વજ્ઞાન સંબંધી અને બ્રહ્મરૂપ થવા સુધીની વાતો કંડારાયેલી છે. આધ્યાત્મિક, વ્યાવહારિક, શૈક્ષણિક, સામાજિક, આર્થિક, નૈતિક, રાજનૈતિક, વૈશ્વિક, કૌટુંબિક, શારીરિક વગેરે માનવજીવનનાં તમામ પ્રશ્નોનાં પ્રત્યક્ષ કે પરોક્ષ ઉત્તરો શિક્ષાપત્રીમાં વર્ણવાયેલા છે. આમ, શિક્ષાપત્રી એ સો તાળાની એક ચાવીરૂપ છે.

શ્રીજીમહારાજની આજ્ઞા

અમારા સૌ આશ્રિતોએ શિક્ષાપત્રીનો નિત્યપાઠ (વાંચન) કરવો. વાંચન કરતા ન આવડતું હોય તેમને આદરપૂર્વક શ્રવણ કરવું. વાંચી સંભળાવે એવું કોઈ ન હોય તો શિક્ષાપત્રીની નિત્યપૂજા કરવી અને અમારી વાણી તે અમારું સ્વરૂપ છે એમ આદરથકી માનવું. (શિક્ષાપત્રી ૨૦૮-૨૦૯) પ્રતિદિન સાવધાનીપૂર્વક, પ્રીતિથી, નિરંતર આ શિક્ષાપત્રી પ્રમાણેજ વર્તવું. (શિક્ષાપત્રી ૮-૯-૧૦)

શ્રીજી મહારાજે પોતાના આશ્રિતોનાં વાણી-વર્તન અને જીવનઘડતરનાં ભાગરૂપે અનેક પ્રકરણો ફેરવ્યાં હતા. છેવટે પોતે શિક્ષાપત્રી લખીને આત્યંતિક કલ્યાણની યોજનાને છેવટનું ને કાયમી સ્વરૂપ આપ્યું. શ્રીજીમહારાજ સ્વયં કહે છે...

છેલ્લી વાત એ છે માંની લેજો રે,
શિક્ષાપત્રી પ્રમાણે સહુ રે'જો રે,
શિક્ષાપત્રી માંહી અમે રે'શું રે,
રહી એમાં સહુને સુખ દેશું રે.
(પુરષોત્તમ પ્રકાશ-૪૮)

અમને પૂછવું હોય જેહ,
શિક્ષાપત્રીને પુછજો તેહ,
શિક્ષાપત્રી લખી અમે સારી,
એ તો જાણવી મૂર્તિ અમારી.
એ થકી ઉલટા વર્તનાર,
સંપ્રદાયિ નહિ તે અમારા,

તેનું કલ્યાણ પણ નહિ થાઈ,
એમ જાણજો સૌ મનમાય.
(શ્રી હરિલીલામૃત-૯/૪)

વ્હાલા ભક્તો ! શિક્ષાપત્રી આપીને શ્રીજી મહારાજે આપણને આલોક-પરલોકનાં પરમસુખની ગુરુચાવી બતાવી દીધી છે. અમૃતફળ દેનારી આ શિક્ષાપત્રી શ્રીહરિના આશ્રિત સત્સંગીઓને નિત્યપૂજા અને દૈનિક જીવનવ્યવહારમાં ઉપયોગમાં આવે એવા શુભ હેતુને લક્ષમાં રાખી તીર્થધામ લોયાધામ દ્વારા ત્રણભાષામાં આ શિક્ષાપત્રીનું પ્રકાશન થઈ રહ્યું છે તે આનંદની વાત છે. આ પ્રકાશન કાર્યમાં સેવા કરનાર સાધુ સત્સંગવલ્લભદાસ, સાધુ જ્ઞાનવલ્લભદાસ વગેરે સહુને શ્રી ઠાકોરજી મહારાજ, પૂજ્યપાદ્ ગુરુજી આદિનો રાજીપો મળે એ જ અભ્યર્થના સાથે...

— સાધુ સુવ્રતવલ્લભદાસના
જય શ્રી સ્વામિનારાયણ.

પ્રકાશકીયમ્

શિક્ષાપત્રી એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું બોલતું સ્વરૂપ છે. શ્રીજી મહારાજે જેમ પોતાના સ્વરૂપની ઉપાસના પ્રવર્તાવી છે તેમ શિક્ષાપત્રી આપીને પોતાના વાણીસ્વરૂપની પણ ઉપાસના પ્રવર્તાવી છે. **मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥** (શિ. ૨૦૯) શિક્ષાપત્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરી બંધારણ છે, કરોડરજ્જુ છે. આમાં કરેલા ઉપદેશો કોઈ એક દેશ, એક કાળ કે પ્રજા માટે નથી પણ સમગ્ર માનવજાત માટે છે; સર્વદેશ, સર્વકાળ માટે છે; તેમના વચનો ત્રિકાળાબાધિત સત્વો છે, સનાતન છે.

જ્યારથી આ સૃષ્ટિનું સર્જન થયું ત્યારથી આજ સુધીમાં સ્વયં પરબ્રહ્મનાં હસ્તકમળ દ્વારા આલેખાયેલ કોઈ ગ્રંથરત્ન હોય તો તે અદ્વિતીય અને એકમાત્ર શિક્ષાપત્રી છે. આ શિક્ષાપત્રી આપણી પાસે છે એટલે આપણે સૌ ભાગ્યશાળી છીએ. અત્યાર સુધી દેશ-

વિદેશની ૩૦ થી વધુ ભાષામાં શિક્ષાપત્રી અનુદિત થઈને વિશ્વભરને જીવનનું માર્ગદર્શન આપી રહી છે.

મનોવાંછિત ફળ દેનારી, સર્વજીવહિતાવહ આ શિક્ષાપત્રીની અત્યાર સુધી લાખો પ્રતો પ્રકાશિત થઈ ચુકી છે. આજ તીર્થક્ષેત્ર લોયાધામમાં દર્શન કરવા આવનાર દેશ-વિદેશનાં ભક્તોની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈ સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી ત્રણ ભાષામાં શિક્ષાપત્રીનું પ્રકાશન કાર્ય થઈ રહ્યું છે તે અતિ આનંદની વાત છે. આ શિક્ષાપત્રીનું અંગ્રેજીમાં ભાષાંતર પૂજ્યશ્રી ધ્યાનવલ્લભદાસજી સ્વામી અને પૂજ્યશ્રી જ્ઞાનવલ્લભદાસજી સ્વામીએ કર્યું છે.

આ પ્રકાશન કાર્યથી શ્રી ઠાકોરજી મહારાજ, મુક્તાનંદીય ગુરુપરંપરાનાં સમર્થ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ સંતો, પૂજ્યપાદ ગુરુજી અને સર્વે સંતો-ભક્તો રાજી થાય તથા આ શિક્ષાપત્રીનાં માધ્યમે સહું કોઈનું જીવન ઉર્ધ્વગામી બને એવી શ્રી ઠાકોરજી મહારાજના ચરણકમળોમાં પ્રાર્થના.

— સાધુ સત્સંગવલ્લભદાસના
જય શ્રી સ્વામિનારાયણ

Note to Readers

Lord Swāminārāyan wrote the Shikshāpatri in Sanskrit and Sadguru Shri Nityānand Swāmi translated the text in Gujarāti. It is noteworthy that while translating certain verses, compared to Lord Swāminārāyan, Sadguru Nityānand Swāmi has further elaborated certain key parts. Keeping in mind that Swāmi's elaborations are accurate and verified by Lord Swāminārāyan Himself, they have been included in this translation. You may find such elaborations noted in brackets. In addition, a clear and concise glossary is provided at the end for words italicized within the text.



અનુક્રમણિકા (Table of Contents)

Subject - વિષય	Verses શ્લોક	Page
મંગલાચરણ અને આશીર્વાદ Prayerand Blessings	1-6	1
નિયમપાલનની મહત્તા Importance of Abiding by the Rules	7-10	5
સત્સંગીના સાધારણધર્મ General Commandments of **Devotees**	11-122	7
આચાર્યના વિશેષધર્મ Commandments of **Acharya**	123-132	77
આચાર્યપત્નીના વિશેષધર્મ Commandments **of the Acharya's Wives**	133-134	83
ગૃહસ્થના વિશેષધર્મ Commandments of **Householders**	135-156	84

Subject - વિષય	Verses શ્લોક	Page
રાજાના વિશેષ ધર્મ Commandments of **Kings**	157-158	98
સ્ત્રીઓના વિશેષ ધર્મ Commandments of **Females**	159-174	100
બ્રહ્મચારીના વિશેષ ધર્મ Commandments of **Brahmacharis**	175-187	110
સાધુના વિશેષ ધર્મ Commandments of **Sadhus**	188-196	118
સાધુ-બ્રહ્મચારીના મિશ્રિત ધર્મ Mixed - Commandments of **Brahmacharisand Sadhus**	197-202	123
ઉપસંહાર તથા અંતિમ મંગલાચરણ Conclusion and Ending Prayer	203-212	126
શબ્દાર્થ (Glossary)		133
જનમંગલનામાવલી અને સ્તોત્ર		146

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

ॐ

|| SHIKSHĀPATRI ||

(શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના સત્સંગી પ્રત્યે શિક્ષાપત્રીને લખતા થકા પ્રથમ પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાનરૂપ મંગળાચરણ કરે છે.)

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું. તે શ્રીકૃષ્ણ કેવા છે તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે અને વૃંન્દાવનને વિષે વિહારના કરનારા છે. ॥૧॥

I, Sahajānand Swāmi, meditate in My heart upon Shri Krishna Bhagwān, on whose left stands *Rādhikāji,* in whose heart resides

Lakshmiji, and who performs *lilās* (with His devotees) in Vrindāvan. ||1||

लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।
नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥२॥

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે, તે અમે જેતે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યાં એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. ॥૨॥

I, Sahajānand Swāmi, while residing in Vadtāl, write this Shikshāpatri for all My disciples residing in various lands. ||2||

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः ।
यावयोर्ध्याप्रसादाख्यरघुवीराभिधौ सुतौ ॥३॥

શ્રી ધર્મદેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારાં

દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે.) ॥૩॥

I have respectively adopted Ayodhyā-prasādji and Raghuvirji, the descendants of My brothers, Rāmpratāpji, and Ichhārāmji (born of Shri Dharmadev) and have appointed them as the *Āchāryas* of My *Sampradāy.* ||3||

मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः ।
गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ॥४॥

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. ॥૪॥

All *Naishtik Brahmachāris,* directed by Mukundānand, all devoted householders like Mayārām Bhatt and others, who have become My followers; ||4||

सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः ।
मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिला अपि ॥५॥

તથા અમારા આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ ॥૫॥

All females including those who are married or widowed, Muktānand and all other *sadhus*, and all that have become My devotees; ||5||

स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्याः सदाशिषः ।
श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ॥६॥

એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. ॥૬॥

All those mentioned above, shall accept My divine blessings granted to protect their *Dharma*, that are infused with the remembrance of Lord Nārāyan and which are in accordance with the *shāstras*. ||6||

: નિયમ પાલનની મહત્તા :

Importance of Abiding by the Rules

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।
अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥७॥

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું. અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે. ॥૭॥

All those mentioned above shall study this Shikshāpatri, written for the benefit of all living beings with resolute concentration. ||7||

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥८॥

અને શ્રીમદ્‌ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જેતે આ લોક ને પરલોકને વિષે મહાસુખિયા થાય છે. ॥૮॥

All those who observe the doctrines of virtuous conduct as prescribed by the shāstras (viz. Shrimad Bhāgwat) shall indeed attain happiness both in this world and the world beyond. ||8||

तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः ।
त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥९॥

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુદ્ધિવાળા છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે.॥૯॥

Those who intentionally disobey the rules of moral conduct and act according to their own desires, are evil-minded and shall suffer great agony in this world and the world beyond. ||9||

अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाऽखिलैः ।
प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥१०॥

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાન પણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

Hence, My followers shall live their life by diligently following the commandments of this Shikshāpatri with love and integrity. ||10||

: સત્સંગીના સાધારણ ધર્મ :

General Commandments of Devotees

कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः ।
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥११॥

હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે, અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી. અને જાણીને તો ઝીણાં એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥

My disciples shall never willfully harm or kill any living beings in any circumstances,

nor shall they kill even the smallest insects such as lice, bugs, etc. ||11||

देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।
न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥१२॥

અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૧૨॥

My disciples shall never perform sacrificial ceremonies by killing goats or other living creatures to appease deities and ancestors; because, *shāstras* have proclaimed non-violence as the highest form of *Dharma*. ||12||

स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित् ।
मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ॥१३॥

અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ॥૧૩॥

One shall never kill any human being or living creature for the sake of obtaining women, wealth, or any type of political power. ||13||

आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।
अयोग्याचरणात् क्वापि न विषोद्बन्धनादिना ॥१४॥

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો, અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥૧૪॥

Out of agitation on account of performing a sinful deed one shall never

commit suicide even in a place of pilgrimage by consuming poison, via strangulation, (by drowning, by jumping off of a cliff) or by any other means. ||14||

न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् ।
न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥१५॥

અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું. ॥૧૫॥

Even in adverse circumstances one shall never consume meat nor shall ever consume any alcoholic beverages (wine, liquor, etc.) whether they may be remnants of an offering in a sacrificial ceremony or if it has been offered to appease deities. ||15||

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।
अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ॥१६॥

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. ॥૧૬॥

If an unfortunate action is committed by oneself or by others, none shall out of anger or excitement, cut (or mutilate) one's own or another's body part(s) using any kind of weapon. ||**16**||

स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् ।
सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥१७॥

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ॥૧૭॥

Even for religious purposes, none shall ever get involved in an act of committing

theft, and shall not take items such as firewood, flowers, etc. without the owner's permission. ||17||

व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः ।
द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ॥१८॥

અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો. અને જૂગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહીં અને પીવી પણ નહીં. ॥૧૮॥

None of My followers, males or females, shall commit adultery, engage in gambling or such other similar vices. They shall not consume any intoxicants such as *bhāng* (hemp, opium, etc.). ||18||

अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न ।
जगन्नाथपुरं हित्वा ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥१९॥

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદિ ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ.॥૧૯॥

One shall never accept food or drink prepared by an inappropriate person(s), even if it is offered to Shri Krishna Bhagwān at any place except in *Jagannāthpuri.* In Jagannāthpuri, accepting *prasād* from an offering to Jagannāthji is not considered as an offense. ||**19**||

मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये ।
नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन ॥२०॥

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી.॥૨૦॥

None shall assert false allegations against anyone, even for the sake of achieving self interest; nor shall they utter offensive words to others. ||**20**||

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।
वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥२१॥

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૨૧॥

None shall ever speak or listen to slander of deities, places of pilgrimage, *Brāhmins*, chaste women, saints, and the Vedas. ||**21**||

देवतायै भवेद्यस्यै सुरामांसनिवेदनम् ।
यत्पुरोऽजादिहिंसा च न भक्ष्यं तन्निवेदितम् ॥२२॥

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરાં આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું॥૨૨॥

None shall ever accept *prasād* of a deity to whom offerings of meat and/or alcohol are offered and/or before whom goats (or other living beings) are slaughtered as ceremonial sacrifices. ||22||

दृष्ट्वाशिवालयादीनि देवागाराणि वर्त्मनि ।
प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥२३॥

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું.॥૨૩॥

Whenever one happens to pass by temples of Lord Shiva or other deities, one shall bow down and perform their *darshan* respectfully. ||23||

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् ।
परधर्मो न चाचर्यो न च पाखण्डकल्पितः ॥२४॥

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો. ને પરધર્મનું આચરણ ન કરવું

તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. ॥૨૪॥

None shall ever abandon their own *Dharma* as ordained by their own *varna* and *āshram*; nor shall one practice a course of conduct prescribed for others or follow a faith which is deceptive and fictitious. ||24||

कृष्णभक्ते : स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः ।
स्यात्तन्मुखान्न वै श्रव्याः कथावार्ताश्च वा प्रभोः ॥२५॥

અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેના મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. ॥૨૫॥

None shall ever listen to religious discourses or philosophical talks (related to God) from a person whose words or dialogues are likely to lead one astray from the path of devotion of Shri Krishna Bhagwān or from the path of one's own *Dharma*. ||25||

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।
कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ॥२६॥

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો અને વ્યવહાર કાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ॥૨૬॥

None shall ever speak the truth which is likely to malign oneself or others. They shall avoid the company of ungrateful people or accept any sort of bribe from anyone. ||26||

चोरपापिव्यसनिनां सङ्गः पाखण्डिनां तथा ।
कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम् ॥२७॥

અને ચોર, પાપી, વ્યસની, પાખંડી કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો; એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. ॥૨૭॥

None shall ever associate with a thief, a sinner, an addict, a hypocrite, a debauchee or a swindler. ||27||

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः ।
पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ॥२८॥

અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. ॥૨૮॥

None shall ever associate with people, that indulge in committing sins by seeking wealth, women and/or worldly pleasures under the pretext of Gnan and Bhakti. ||28||

कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः ।
कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥२९॥

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ

કરીને ખંડન કર્યું હોય એવાં જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. ॥૨૯॥

None shall ever believe in (or listen to) scriptures which cleverly refute Shri Krishna Bhagwān and his incarnations (viz. *Varah*, etc.). ||**29**||

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।
स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ॥३०॥

અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું અને જે જળને વિષે ઝીણાં જીવ ઘણાંક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ॥૩૦॥

None shall ever consume unfiltered drinking water or milk; nor shall they use water which contains insects for purposes such as bathing. ||**30**||

यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा ।
अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत् क्वचित् ॥३१॥

અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. ॥૩૧॥

One shall never consume medicine(s) which contains alcohol or meat extracts, nor take medicine(s) prescribed by a physician whose conduct and character are unknown. ||31||

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन ।
मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ॥३२॥

અને લોક ને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યા એવા સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફૂલવાડી-બગીચા; એ આદિક જે સ્થાનક તેમને વિષે ક્યારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ॥૩૨॥

One shall never urinate, defecate or spit in places which have been prohibited by the scriptures or by public authority (viz. decayed temples, banks of rivers, lakes, gardens, walkways, farms sown with seeds, vicinity of a tree(s), etc.). ||32||

अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च ।
स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्पतिम् ॥३३॥

અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નીસરવું નહિ. અને જે સ્થાનક ધણીયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. ॥૩૩॥

One shall never enter or exit confidentially through a prohibited passage, nor stay or live in a private property without the permission of its owner. ||33||

ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात् कार्या न पूस्त्रैः ।
न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ॥३४॥

અને અમારા સત્સંગી જે પુરુષ માત્ર તેમણે બાઈ માણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી અને સ્ત્રીયો સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ॥૩૪॥

My male disciples shall never listen to knowledgeable discourses orated by females, nor enter into arguments with females or with a king or his courtiers. ||34||

अपमानो न कर्तव्यो गुरूणां च वरीयसाम् ।
लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ॥३५॥

અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન્ મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. ॥૩૫॥

One shall never insult a guru, a superior, a reputed and respected person in society, a scholar or an armed man. ||35||

कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम् ।
पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ॥३६॥

અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું. અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ॥૩૬॥

One shall never act with haste, whereas duties pertaining to *Dharma* shall be performed immediately. Those who are educated shall impart their knowledge to others and shall regularly associate with saints. ||36||

गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः ।
विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ॥३७॥

અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણનાં દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું. અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં. ॥૩૭॥

None shall go empty handed for the *darshan* of a guru, a deity or a king. One shall never commit breach of trust or praise oneself. ||37||

यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः ।
तद्दूष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः ॥३८॥

અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાના અંગ દેખાય તેવું જે ભૂંડુ વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. ॥૩૮॥

My followers shall never wear any indecent clothing which would expose their body. ||38||

धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा ।
अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ॥३९॥

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મેરહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ॥૩૯॥

One shall never practice worship of Shri Krishna Bhagwān without the observance of *Dharma* and shall never give up worship of Shri Krishna Bhagwān fearing criticism of ignorant people. ||39||

उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः ।
पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पुम्भाः ॥४०॥

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરૂષનો સ્પર્શ ન કરવો અને મંદિરમાંથી નીસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ॥૪૦॥

Men & women shall not touch each other when they visit the temple of Shri Krishna Bhagwān, either daily or on the days of religious festivals. (They may behave according to their customs and relations after leaving the temple premises). ||40||

कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।
धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥४१॥

અને ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. એ ત્રણ વર્ણના અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ. એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

My disciples, belonging to the 3 classes - *Brāhmin*, *Kshatriya* and *Vaishya*, who have been initiated by their *Āchārya*, shall always wear around their neck a double lined *kanthi* prepared from *tulsi* beads and shall apply an *urdhvapundra tilak* (U-shaped) on their forehead, chest & both upper arms. ||**41**||

तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरेः ।
कार्यं पूजावशिष्टेन केशरादियुतेन च ॥४२॥

અને તે તિલક જેતે ગોપીચંદને કરીને કરવું અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેશર કુંકુમાદિકે યુકત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું. ॥૪૨॥

The *tilak* shall be prepared from *gopichandan* or sandalwood paste mixed with saffron (along with *kum-kum*, etc.) left over after worshipping God. ||**42**||

तन्मध्य एव कर्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः ।
कुङ्कुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ॥४३॥

અને તે તિલકના મધ્યને વિષેજ ગોળ એવો જે ચાંદલો તે જેતે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદિ એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥

In the center of the *tilak*, one shall make a *chāndlo* of *gopichandan* or *kum kum*, that has been offered to *Rādhāji* and Lakshmiji. ||**43**||

सच्छुद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्ड्रके ।
द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ॥४४॥

અને પોતાના ધર્મનેવિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા સત્-શુદ્ર તેમણે તો તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવાં.॥૪૪॥

The *Sat-Shudra* devotees of Shri Krishna Bhagwān, observing their *Dharma*, shall wear a *kanthi* and apply *tilak* marks similar to those of *Brāhmins* (*Kshatriyas* & *Vaishyas*). ||44||

भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे ।
धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ॥४५॥

અને તે સત્-શુદ્ર થકી બીજા જે જાતિએ કરીને ઊતરતા એવા ભક્તજન તેમણે તો ચંદનાદિક કાષ્ઠની જે બેવડી માળા તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું.॥૪૫॥

Devotees belonging to the caste lower than the *Sat-Shudra* devotees shall wear a *kanthi* (double-lined) prepared from sandalwood, etc. and shall only apply a *chāndlo* on their forehead (excluding the *tilak*).||**45**||

त्रिपुण्ड्रस्रद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता ।
तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितैः ॥४६॥

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી- એ બે વાના પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે તે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ॥૪૬॥

Brahmins and others who have inherited the customs of marking their foreheads with a *tripundra* and wearing a necklace of *rudrāksha* beads on account of family traditions, shall continue to do so even after becoming My devotees. ||**46**||

ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः ।
उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ॥४७॥

અને નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ જાણવું. કેમજે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે.॥૪૭॥

All My disciples shall realize Nārāyan and Shivji to have oneness as the Vedas depict them both as *Brahmarup*. ||47||

शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् ।
मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥४८॥

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો.॥૪૮॥

In times of minor distress, My followers shall not primarily follow the rules laid down by the *shāstras* for times of major distress. ||48||

प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।
विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ॥४९॥

અને અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમજ જાગવું અને શ્રીકૃષ્ણભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥

My followers shall wake up daily before sunrise, remember Shri Krishna Bhagwān and then perform their hygienic duties. ||49||

उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् ।
स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ॥५०॥

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. ॥૫૦॥

Thereafter, sitting in one place, they shall brush their teeth and bathe with pure water. Next, they shall wear a pair of washed clothes. ||50||

उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले ।
असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ॥५१॥

અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારીપેઠે બેસાય એવું જે આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ॥૫૧॥

Thereafter, facing either east or north, one shall sit on a clean and suitable *āsan* laid upon a purified place, untouched by any other object. (Then one shall perform *āchaman*.) ||**51**||

कर्तव्यमूर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् ।
कार्यः सधवनारीभिर्भाले कुङ्कुमचन्द्रकः ॥५२॥

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની જે સ્ત્રીયો, તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ॥૫૨॥

All male followers shall apply a *tilak* on their forehead with a *chāndlo* in the middle. All married women shall only apply a round *kum-kum* mark on their forehead. ||52||

पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया ।
मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ॥५३॥

અને તે વિધવા સ્ત્રીયોમાત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું ને ચાંદલો પણ ન કરવો. અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી તેમણે મને કરીને કલપ્યા જે ચંદન પુષ્પાદિક ઉપચાર તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી. ॥૫૩॥

All female followers who are widows shall not put on their forehead either a *chāndlo* or a *tilak*. Thereafter, all My disciples shall offer *mānsipujā* (mental worship by the means of sandalwood paste, flowers, etc.) to Shri Krishna Bhagwān. ||53||

प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात् ।
शक्त्या जपित्वा तन्मन्त्रं कर्तव्यं व्यावहारिकम् ॥५४॥

અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્રપ્રતિમા તેનું આદરથકી દર્શન કરીને નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું. ॥૫૪॥

Thereafter, all shall respectfully have the *darshan* and bow to the pictorial image of Shri Rādhākrishna. My followers shall then chant the *Āshtākshar mantra* (of Shri Krishna Bhagwān) according to their ability and afterwards, they may perform their daily duties. ||54||

ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः ।
तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ॥५५॥

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું

તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યન્ત સર્વે ક્રિયા કરવી.॥૫૫॥

My *Ātmanivedi* devotees like King *Ambarish*, shall also perform the sequence of rituals as described above, including the *mānsi pujā* of Shri Krishna Bhagwān. ||55||

शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः ।
द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ॥५६॥

અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલગ્રામ, તેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન પુષ્પ ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણ ભગવાનના જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો.॥૫૬॥

My *Ātmanivedi* devotees shall worship the *murti* of Shri Krishna Bhagwān made from stone or metal, or worship a

Shāligrām with available articles of worship (sandalwood paste, flowers, fruits etc. according to time & place). Then they shall chant the *Āshtākshar mantra*. ||56||

स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः ।
तथाऽनधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम् ॥५७॥

અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો, અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ કીર્તન કરવું. ॥૫૭॥

My disciples shall recite *stotras* (or read the scriptures of Shri Krishna Bhagwān) according to their ability. Those who have not studied the language of Sanskrit shall chant Shri Krishna Bhagwān's mantra and sing religious hymns. ||57||

हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः ।
कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ॥५८॥

અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદિ એવું જે અન્ન તે જમવું અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે સર્વકાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું. ॥૫૮॥

Then, they shall offer food to the idol of Shri Krishna Bhagwān and later, partake of it as *prasād*. They shall always affectionately remain in the service of Shri Krishna Bhagwān. ||58||

प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः ।
सम्बन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ॥५९॥

અને નિર્ગુણ, કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત, એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે. તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે. ॥૫૯॥

Due to their contact with Shri Krishna Bhagwān, who is *Nirgun*, the deeds of the devotees (*Ātmanivedi*) also become *Nirgun*.

Hence, these devotees are also considered to be *Nirgun*. ||**59**||

भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित् ।
न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ॥६०॥

અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું અને પત્ર કંદ ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. ॥૬૦॥

My *Ātmanivedi* devotees shall never consume water, vegetables, fruits, roots etc., without it being first offered to Shri Krishna Bhagwān. ||**60**||

सर्वैरशक्तौ वार्धक्यादरीयस्यापदाऽथवा ।
भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्त्यं यथाबलम् ॥६१॥

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું

સ્વરૂપ, તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું.॥૬૧॥

All My devotees, who are incapacitated by old age or by some adverse circumstance and are unable to offer worship of Shri Krishna Bhagwān themselves, shall give their *murti* to another devotee and shall offer worship according to their abilities. ||**61**||

आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।
कृष्णास्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥६२॥

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.॥૬૨॥

My devotees shall render service only to those forms of Shri Krishna which have been given by or installed by the *Āchārya*. All

other forms of Shri Krishna Bhagwān are appropriate to be bowed to and respected. ||62||

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् ।
नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥६३॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું. ॥૬૩॥

All My followers shall daily go to the temple of Shri Krishna Bhagwān every evening. There, they shall loudly sing the hymns of Shri Krishna Bhagwān. ||63||

कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् ।
वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ॥६४॥

અને તે શ્રીકૃષ્ણની જે કથા વાર્તા તે પરમ આદર થકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજીંત્ર સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવાં. ॥૬૪॥

With deep reverence, all My disciples shall read and listen to *kathā-vārtā* related to Shri Krishna Bhagwān and shall celebrate festivals by singing hymns accompanied by musical instruments.||64||

प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः ।
संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ॥६५॥

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું. અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો.॥૬૫॥

My disciples shall daily behave as mentioned above and shall study the sacred scriptures in Sanskrit or one's vernacular language according to their abilities.||65||

यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि ।
योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ॥६६॥

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો; પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો. ॥૬૬॥

After careful consideration, a person should be guided to perform task(s) according to his abilities, but never otherwise. ||**66**||

अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः ।
सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम् ॥६७॥

અને પોતાના જે સેવક હોય, તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ॥૬૭॥

Those who have people rendering services to them shall always, appropriately take care of them by providing food, clothing, etc. according to their financial means. ||**67**||

यादृग्गुणो यः पुरुषस्तादृशा वचनेन सः ।
देशकालानुसारेण भाषणीयो न चान्यथा ॥६८॥

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશ કાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો. ॥૬૮॥

A person should be addressed conformably to his qualities, suitably in accordance to time and place, but never otherwise. ||**68**||

गुरुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम् ।
अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥६९॥

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિ વૃદ્ધ, ત્યાગી, વિદ્વાન્ અને તપસ્વી; એ છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ॥૬૯॥

My humble followers shall honor the arrival of a guru, a king, an elderly person, a

renunciate, a scholar and an ascetic by rising from their seats and (courteously offering them a proper seat) honoring them with pleasant words. ||69||

नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके ।
उपवेश्यं सभायां च जानू बद्ध्वा न वाससा ॥७०॥

અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ॥૭૦॥

In the presence of a guru, a deity, a king or in a religious gathering one shall not sit with one leg over the other or with knees bound with a cloth strap. ||70||

विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् ।
पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ॥७१॥

અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને

પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા. ॥૭૧॥

My disciples shall never enter into arguments with their *Āchārya*. They shall treat him with great admiration by offering him food, money, clothes, etc. according to their means. ||71||

तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् ।
तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ॥७२॥

અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતાં સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ॥૭૨॥

Upon hearing of the arrival of one's *Āchārya*, My followers shall welcome him at the entrance of the village and shall bid him farewell upon his departure by escorting him to the outskirts of the village. ||72||

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।
आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ॥७३॥

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ તે જો ધર્મ રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. ॥૭૩॥

My followers shall never perform an act contrary to *Dharma*, regardless of how beneficial it may be. Because *Dharma* alone is capable of yielding all desired fruits (*Purushārthas*). (Therefore, one should not compromise *Dharma* due to the temptation of any benefit.) ||73||

पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् ।
कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥७४॥

અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેય અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું

અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ॥૭૪॥

One shall never follow actions of great idols of the past, which are contrary to *Dharma*, but follow those actions which are in accordance with *Dharma*. ||**74**||

गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् ।
समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ॥७५॥

અને કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ. અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી રીતે જ સન્માન કરવું. પણ સમદ્રષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ॥૭૫॥

One shall never reveal secrets of any person, anywhere or to anyone. One shall give due respect to the deserving accordingly; under no circumstances, shall this courtesy be violated in the name of equality. ||**75**||

विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि ।
एकस्मिन् श्रावणे मासि सत्वशक्तैस्तु मानवैः ॥७६॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. ॥૭૬॥

All My followers shall perform additional *niyams* during *Chāturmās*. Those who are incapable, shall perform them during the month of *Shrāvan*. ||76||

विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् ।
महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥७७॥

અને તે વિશેષ નિયમ તે કિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. ॥૭૭॥

Those additional *niyams* are considered to be: (1) Listening to the divine narratives of the glories of *Vishnu* (2) Reading narratives of glories of Bhagwān (3) Singing hymns in the praise of Bhagwān (4) Performing the *mahāpujā* of Bhagwān (5) Chanting the holy name of Bhagwān (6) Reciting stanzas (7) Performing *pradakshinās*; ||77||

साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः ।
एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥७८॥

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા-એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. ॥૭૮॥

(8) Performing *sāshtāng namaskar* to Bhagwān. According to Me, these eight types of *niyams* are considered to be superior. My followers shall perform any one of them

with devotion (during *Chāturmās*). ||78||

एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् ।
कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ॥७९॥

અને સર્વ જે એકાદશીઓ, તેમનું વ્રત જે તે આદર થકી કરવું તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શિવરાત્રીનું વ્રત જે તે આદર થકી કરવું અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ॥૭૯॥

With great admiration, all shall observe the *vrat* of every *Ekādashi*. Also, all shall celebrate the vrat of *Janmāshtami* and *Shivrātri* on a grand scale with great reverence. ||79||

उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः ।
उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम् ॥८०॥

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, કેમ જે

જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમ જ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ॥૮૦॥

On days of fasting, one shall deliberately avoid sleeping during the daytime. On such days, sexual indulgence nullifies the fast. In a similar manner, sleeping during the daytime also invalidates one's vrat. ||**80**||

सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः ।
श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ॥८१॥

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેના પુત્ર જે શ્રી વિઠ્ઠલનાથજી તે જે તે જે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હતા. ॥૮૧॥

All My disciples shall perform fasts and festivals as per Shri Vitthalnāthji's (son of Shri Vallabhāchārya, a king among *Vaishnavs*) resolution. ||**81**||

कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः ।
सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ॥८२॥

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું. ॥૮૨॥

All My followers shall observe these guidelines accordingly and adopt the mode of worship of Shri Krishna Bhagwān, as proposed by Vitthalnāthji. ||**82**||

कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि ।
सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ॥८३॥

અને સર્વે જે અમારા આશ્રિત, તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીન જનને વિષે દયાવાન થવું. ॥૮૩॥

All My followers shall go to places of pilgrimage like Dwārikā and observe all due

religious rituals as depicted in the scriptures, and shall always be benevolent to the poor by all means. ||83||

विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः ।
एताः पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ॥८४॥

અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય; એ પાંચ દેવ પૂજ્યપણે કરીને માનવા. ॥૮૪॥

My followers shall pay great reverence to the five deities namely *Vishnu*, Shiva, *Ganapati*, *Pārvati* and Surya. ||84||

भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् ।
जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥८५॥

અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો અથવા હનુમાનજીના મંત્રનો જપ કરવો; પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્ર દેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ॥૮૫॥

In the event of distress caused by any evil spirit(s), My disciples shall chant the *stotram* of *Nārāyan Kavach* or the mantra of Hanumān, but shall never chant mantras of other inferior deities. ||**85**||

रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः ।
हित्वाशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ॥८६॥

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ॥૮૬॥

Whenever a solar or lunar eclipse takes place, My disciples shall immediately suspend all work and after bathing and purifying themselves, they shall chant the mantra of Shri Krishna Bhagwān. ||**86**||

जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।
देयं दानं गृहिजनैः शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वरः ॥८७॥

અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્ર સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ॥૮૭॥

Upon conclusion of the eclipse, all My followers shall take a bath with all their clothes worn at that time. Thereafter, householders shall give alms according to their means and *sādhus* shall perform the *pujā* of Shri Krishna Bhagwān. ||**87**||

जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः ।
पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ॥८८॥

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. ॥૮૮॥

My followers, belonging to the four castes (*Brāhmins*, *Kshatriyas*, *Vaishyas*,

Shudras) shall observe *Sutak* following the occasion of birth or death in their family as prescribed by the scriptures. ||**88**||

भाव्यं शमदमक्षान्तिसन्तोषादिगुणान्वितैः ।
ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ॥८९॥

અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ; એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. ॥૮૯॥

All My *Brāhmin* followers shall cultivate the qualities of tranquility, self-restraint, tolerance, satisfaction, etc. The *Kshatriya* followers shall cultivate the qualities of courage, fortitude etc. ||**89**||

वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्त्यभिः ।
भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभिः ॥९०॥

અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજ વ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને

વર્તવું અને જે શુદ્ર વર્ણ હોય, તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. ॥૯૦॥

All My *Vaishya* followers shall practice farming, trading, banking, etc. and the *Shudra* followers shall render service to the aforementioned three *varnas*. ||**90**||

संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् ।

स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥९१॥

અને જે દ્વિજ હોય, તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ; એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવા. ॥૯૧॥

Those who are *Dwijas* shall perform, according to their capability, the *sanskārs,*

daily ceremonial rituals and perform *shrāddh* at the appropriate time according to their respective *Grihya Sutras.* ||**91**||

अज्ञानाज्ज्ञानतो वाऽपि गुरु वा लघु पातकम् ।
क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ॥९२॥

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું મોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું ॥૯૨॥

Knowingly or unknowingly, if a major or minor sin is committed, one shall perform atonement for it, according to one's capability. ||**92**||

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।
पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्त्रकम् ॥९३॥

અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમદ્ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રી વિષ્ણુસહસ્ર નામ ॥૯૩॥

The four Vedas, the Vyās Sutras, the *Purān* named *Shrimad Bhāgwat*, the Shri Vishnu Sahastranām in the Mahābhārat; ||**93**||

तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता ।
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥९४॥

તથા શ્રી ભગવદ્ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ તથા સ્કંદ પુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય ॥૯૪॥

Shrimad Bhagwat Gitā, Vidur Niti, Shri Vāsudev Mahātmya, contained in Vishnu Khanda of the Skand Purān; ||**94**||

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।
एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥९५॥

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ; એ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. ॥૯૫॥

The Yājnavalkya-*Smruti*. Among the *Dharma shāstras*, these eight *Satshāstras* are preferred by Me. ||**95**||

स्वहितेच्छुभिरेतानि मच्छिष्यैः सकलैरपि ।
श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ॥९६॥

અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સચ્છાસ્ત્ર જે તે સાંભળવાં અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સચ્છાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં તથા એમની કથા કરવી.॥૯૬॥

My disciples, who desire their well-being shall listen to all these *Satshāstras*; and My *Dwija* disciples shall study, teach and preach them to others. ||**96**||

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये ।
ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥९७॥

અને તે આઠ સચ્છાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત; એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા

ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ તેનું ગ્રહણ કરવું. ॥૯૭॥

Amongst the eight mentioned *Satshāstras*, My disciples shall consider and accept the Mitāksharā Tika of Yājnavalkya *Smruti* as the guiding authority to take decisions on matters of conduct, daily routines, (rites and rituals) and code of atonement. ||97||

श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ ।
सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ॥९८॥

અને વળી એ આઠ સચ્છાસ્ત્રને વિષે જે શ્રીમદ્ભાગવતપુરાણ તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ॥૯૮॥

The fifth and the tenth canto of *Shrimad Bhāgwat* shall be regarded as the best

amongst these eight *Satshāstras* for realizing the glory of Shri Krishna Bhagwān. ||98||

दशमः पञ्चमः स्कन्धौ याज्ञवल्क्यस्य च स्मृतिः ।
भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥९९॥

અને દશમ સ્કંધ તથા પંચમ સ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે. કહેતાં દશમ સ્કંધ તે ભક્તિ શાસ્ત્ર છે અને પંચમ સ્કંધ તે યોગ શાસ્ત્ર છે; અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મ શાસ્ત્ર છે એમ જાણવું. ॥૯૯॥

The tenth canto of *Shrimad Bhāgwat* shall be considered as My favorite *Bhakti shāstra*, the fifth canto of *Shrimad Bhāgwat* as My favorite Yoga *shāstra*, and the Yājnavalkya *Smruti* as My favorite *Dharma shāstra*. ||99||

शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् ।
रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥१००॥

અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૧૦૦॥

The commentary on Vyās sutras and Shrimad Bhāgwad Gita by Shri Rāmānujāchārya shall be considered as My favorite philosophical *shāstras*. ||**100**||

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।
अत्युकर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥१०१॥
मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।
धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्वहः ॥१०२॥

અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય; એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય, તે વચન જે તે બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં. અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે જે તે ધર્મે સહિત જ કરવી એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે. ॥૧૦૧-૧૦૨॥

From the aforementioned scriptures, those portions which depict the glory of Shri Krishna Bhagwān and the distinction of *Dharma, Bhakti, Vairāgya* should be respectively considered superior than any other segments. The essence of those portions is that *Bhakti* of Shri Krishna Bhagwān should be performed with *Dharma*. ||**101-102**||

धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।
माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥१०३॥

અને શ્રુતિને સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર, તે ધર્મ જાણવો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ॥૧૦૩॥

Dharma means the path of good conduct as enjoined by the *Smrutis* and the *Shrutis*. *Bhakti* of Shri Krishna Bhagwān is profound affection for him accompanied by knowledge of his greatness. ||**103**||

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।
ज्ञानं च जीवमायेशस्वाणां सुष्ठु वेदनम् ॥१०४॥

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો અને જીવ, માયા અને ઈશ્વર; તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. ॥૧૦૪॥

Vairāgya means detachment from worldly objects other than Shri Krishna Bhagwān and *Gnān* means clear comprehension of the nature and form of *Jiva, Māyā* and Ishvar (God). ||**104**||

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् ।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥१०५॥

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે અને અછેદ્ય, અભેદ્ય,

અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો.॥૧૦૫॥

The *Jiva* dwells in the heart and is as subtle as an atom. It is conscious and knowledgeable. By the power of perception, it pervades the whole body. It is impenetrable, indivisible, indestructible and eternal. ||**105**||

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।
जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥१०६॥

અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, અને આ જીવ ને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમ માયાને જાણવી.॥૧૦૬॥

Understand *Māyā* as *Trigunātmikā*. It is considered as the power of Shri Krishna Bhagwān. It is full of ignorance and darkness and is the cause of *aham-mamatva*. ||**106**||

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।
ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥१०७॥

અને જે ઈશ્વર છે તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળના આપનારા છે એમ ઈશ્વરને જાણવા.॥૧૦૭॥

Just as the *Jiva* dwells in the heart, Ishvar resides in the heart of *Jiva* as the inner controller. He is absolutely independent and is the bestower of the fruits of one's karmas. ||**107**||

स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ।
उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥१०८॥

અને તે ઈશ્વર તે ક્યા તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે.॥૧૦૮॥

This Ishvar is Shri Krishna Bhagwān, *Parabrahma*, Bhagwān *Purushottama*. He is the one to be particularly worshipped (*Ishtadev*) and is the origin of all incarnations. ||**108**||

स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।
रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥१०९॥

અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા અને રુક્મિણીરૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય ત્યારે 'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા.॥૧૦૯॥

When Shri Krishna is accompanied by Rādhikāji, He is known as Rādhā-Krishna and when accompanied by Rukmini, He is known as Laxmi-Nārāyan. ||**109**||

ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।
बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ॥११०॥

અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે 'નરનારાયણ' એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું.॥૧૧૦॥

When with Arjun, He is known as Nar-Nārāyan and when with Balbhadra and others, He is named and known accordingly.||**110**||

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।
क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥१११॥

અને એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવા.॥૧૧૧॥

At times, these devotees such as *Rādhā* and others, stay alongside Shri Krishna Bhagwān and sometimes on account of profound devotion, they become

engrossed within Shri Krishna Bhagwān. Thus, at such times, He should be considered by Himself. ||111||

अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।
चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥११२॥

એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો. અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્ત્રભુજપણું ઇત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઇચ્છાએ કરીને છે એમ જાણવું. ॥૧૧૨॥

For that reason, none shall differentiate between His various forms, as four-armed, (eight-armed, thousand-armed etc.) for He always has two arms and assumes these forms according to His will. ||112||

तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।
निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥११३॥

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન તેની જે ભક્તિ તે જે તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ જાણવું. ॥૧૧૩॥

All human beings on this Earth should perform worship of only Shri Krishna Bhagwān and shall understand that besides such devotion, there is no other means of attaining ultimate salvation. ||113||

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥११४॥

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું; કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો અને એમ ભક્તિ ને સત્સંગ; એ બે વિના તો વિદ્વાન્ હોય તે પણ અધોગતિને પામે છે. ॥૧૧૪॥

Bhakti of Shri Krishna Bhagwān and association of saintly people are the highest

achievements for individuals gifted with virtues; without them, even the most educated are bound to regress. ||**114**||

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमाऽपि च ।
न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥११५॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી માટે એમનું ધ્યાન ન કરવું. ॥૧૧૫॥

Shri Krishna Bhagwān, His incarnations and His *murtis* alone, are worthy of meditation. One shall never meditate upon *Jivas* such as men and deities. As they are not worthy of meditation whether they are profound devotees or *Brahmavettas*. ||**115**||

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥११६॥

અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ; એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. ॥૧૧૬॥

One shall respectively consider their soul distinct from the three bodies *Sthul, Sukshma* and *Kāran.* Thereafter, one shall identify the soul to be *Brahmarup* and shall always worship Shri Krishna Bhagwān. ||**116**||

श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।
प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥११७॥

અને શ્રીમદ્‌ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો અથવા વર્ષો વર્ષ એકવાર સાંભળવો. અને જે પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો વર્ષ એકવાર વાંચવો. ॥૧૧૭॥

My disciples shall listen, with reverence, to the tenth canto of *Shrimad Bhāgwat*. Those who are scholars shall specifically read it daily or once a year. ||**117**||

कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः ।
विष्णुनामसहस्त्रादेश्चापि कार्येप्सितप्रदा ॥११८॥

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું અને વળી વિષ્ણુસહસ્ત્ર નામ આદિક જે સચ્છાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું. તે પુરશ્ચરણ કેવું છે તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ॥૧૧૮॥

One should do or have others perform *purashcharan* of the tenth canto of *Shrimad Bhāgwat* and/or Vishnu Sahastranām etc. in holy places according to one's ability; as performing such kind of a *purascharan* fulfills one's desires. ||**118**||

दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु ।
यथा स्वपररक्षा स्यात्तथा वृत्त्यं न चान्यथा ॥११९॥

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવ સંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું, પણ બીજી રીતે ન વર્તવું.॥૧૧૯॥

In the event of calamities caused by nature, human beings, or disease, all shall behave in a way as to protect themselves and others, but shall not act otherwise. ||**119**||

देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः ।
आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ॥१२०॥

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત; એ જે ત્રણ વાનાં તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવાં.॥૧૨૦॥

Āchār, vyavahār and *prāyaschit* should be adopted according to place, time, age,

monetary condition, caste & ability. ||120||

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् ।
तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥१२१॥

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. ॥૧૨૧॥

My doctrine of philosophy is *Vishishtādvait* and Golokdhām is My beloved abode; where being in the service of Shri Krishna Bhagwān while being *Brahmarup* is considered *mukti*. ||121||

एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः ।
मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ॥१२२॥

અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે જે તે અમારા આશ્રિત જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ-ભાઈ, સર્વે સત્સંગી તેમના સામાન્ય ધર્મ કહ્યા છે; કહેતાં સર્વ સત્સંગીમાત્રને

સરખા પાળવાના છે અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે તેમને પૃથક્ પૃથક્ પણે કરીને કહીએ છીએ. ॥૧૨૨॥

All these *Dharmas* described so far are common *Dharmas* for all My devotees, males & females (renunciants and householders). Now, I will separately describe specific *Dharmas*. ||122||

: આચાર્યના વિશેષ ધર્મ :

Commandments of Acharya

मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन ।
स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ॥१२३॥

હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ :- અમારા મોટાભાઈ અને નાનાભાઈ તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ॥૧૨૩॥

Ayodhyāprāsad and Raghuvir, the sons of My elder and younger brothers shall never

preach to females except their nearest relatives. ||**123**||

न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि ।
कौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ॥१२४॥

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ અને તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. ॥૧૨૪॥

They shall never touch nor talk to females. They shall not be cruel towards any living beings and shall not possess any sort of deposits from anyone. ||**124**||

प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके ।
भिक्षयापदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ॥१२५॥

અને વ્યવહાર કાર્યને વિષે કેનું પણ જમાનગરું ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો. પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ॥૧૨૫॥

They shall never stand as a guarantor for any person in social or financial affairs. In times of distress, they shall strive to survive on alms but shall never incur debt. ||125||

स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च ।
जीर्णं दत्त्वा नवीनं तु ग्राह्यं तन्नैष विक्रयः ॥१२६॥

અને પોતાના જે શિષ્ય તેમણે ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. ॥૧૨૬॥

They shall never sell food grains that they have received from their followers as religious donations. However, stale food grains may be exchanged for fresh ones, for such an exchange is not considered as a sale. ||126||

भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् ।
इषकृष्णचतुर्दश्यां कार्याऽर्चा च हनूमतः ॥१२७॥

અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી.॥૧૨૭॥

They shall respectively perform ceremonial worship of Shri *Ganapati* on the 4th day of the bright half of the month of Bhādra and perform ceremonial worship of Shri Hanumānji on the 14th day of the dark half of the month of Ashwin. ||**127**||

मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।
गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥१२८॥

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી.॥૧૨૮॥

I have appointed them (Ayodhyāprāsad and Raghuvir) as spiritual leaders in order to protect *Dharma*. Therefore, they shall initiate *mumukshus*. ||**128**||

यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः ।
मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ॥१२९॥

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદર થકી માનવા તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. ॥૧૨૯॥

They shall precisely observe that all followers act within their respective *Dharmas*. They shall treat saints with respect and shall study the *satshāstras* with reverence. ||**129**||

मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च ।
लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥१३०॥

અને મોટા જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યાં એવાં જે શ્રી લક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ॥૧૩૦॥

They shall render services with proper rites and ceremonies to the forms of Shri Krishna such as Laxmi-Nārāyan that I have installed in various temples. ||**130**||

भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः ।
आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ॥१३१॥

અને ભગવાનનાં મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. ॥૧૩૧॥

They should politely care for every individual who comes to God's temple seeking for food by providing them food according to their capabilities. ||**131**||

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।
प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥१३२॥

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ॥૧૩૨॥

They shall establish an educational institution and appoint *Brāhmin* scholars as mentors, who shall propagate *sadvidyā* on Earth, as propagating *sadvidyā* in this world is a great meritorious act. ||**132**||

: આચાર્ય પત્નીના વિશેષ ધર્મ :

Commandments of the Acharya's Wives

अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः ।
कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ॥१३३॥

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો પણ પુરુષને ન કરવો. ॥૧૩૩॥

With the permission of their husbands, the wives of Ayodhyāprashād and Raghuvir shall initiate only females by preaching the mantra of Shri Krishna Bhagwān. ||133||

स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् ।
न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च ॥१३४॥

અને વળી તે બે જણની જે પત્નીઓ તેમણે પોતાના સમીપ સબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો અને તેમની સાથે બોલવું નહિ ને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું. (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા) ॥૧૩૪॥

The wives of the *Āchāryas* shall never touch, speak or reveal their face to any males, except their nearest relatives. ||134||

: ગૃહસ્થના વિશેષ ધર્મ :

Commandments of Householders

गृहाख्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः ।
स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः ॥१३५॥

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે તે કહીએ છીએ. અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. ॥૧૩૫॥

Male disciples who are householders should not touch widows except their close relatives. ||135||

मात्रा स्वस्त्रा दुहित्रा वा विजने तु वयःस्थया ।
अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषितः ॥१३६।

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બેન અને દીકરી; તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંતસ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ॥૧૩૬॥

They shall never stay alone in a secluded place even with their mother, sister or daughter who may be of young age, except in emergencies and shall never give away their wives in alms to anybody. ||136||

प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः ।
भवेत्तस्याः स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥१३७॥

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે પણ ન કરવો. ॥૧૩૭॥

They shall never keep close relations with a woman who has connections with a king/ruler. ||137||

अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः ।
दैवं पैत्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ॥१३८॥

અને તે ગૃહસ્થાશ્રમી તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાધ્ધાદિક જે પિતૃકર્મ તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. ॥૧૩૮॥

My followers shall welcome guest(s) with hospitality and offer food etc. according

to their means. They shall, in a proper manner and according to their abilities, perform all rites and rituals pertaining to deities and *pitris*. ||**138**||

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्त्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥१३९॥

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય; તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

My (householder) followers shall serve their parents, guru and any ailing person throughout their lives according to their capabilities. ||**139**||

यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः ।
मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥१४०॥

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો. અને કૃષિવૃત્તિવાળા જે

ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ॥૧૪૦॥

They shall engage in vocations suitable to their *varna* and *āshram*, according to their abilities. Those householder devotees who are farmers shall never castrate a bull. ||**140**||

यथाशक्ति यथाकालं संग्रहोऽन्नधनस्य तैः ।
यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥१४१॥

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલા અન્ન-દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય - પૂળાનો સંગ્રહ કરવો. ॥૧૪૧॥

They shall make provisions for preserving food grains and money according to time and their ability. Those who own cattle shall also preserve sufficient fodder for the cattle according to their means. ||**141**||

गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि ।
सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ॥१४२॥

અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ - જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. ॥૧૪૨॥

Cows and other cattle (oxen, buffaloes, horses etc.) shall only be kept if they can be properly taken care of by providing water, fodder, grass etc. but not otherwise. ||142||

ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च ।
भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ॥१४३॥

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો. ॥૧૪૩॥

They shall never perform transactions regarding land or money, even with their son

and/or friend(s), without having it legally binded in writing with witnesses. ||143||

कार्ये वैवाहिके स्वस्यान्यस्य वार्ष्यधनस्य तु ।
भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा ॥१४४॥

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. ॥૧૪૪॥

Any financial transactions compensated for marriage or for any socio-economic event shall not be spoken verbally but shall be legally binded in writing with witnesses. ||144||

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।
अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ॥१४५॥

અને પોતાની ઊપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો પણ તે ઉપરાંત ન કરવો. અને જે ઊપજ કરતાં

વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે એમ સર્વ ગૃહસ્થોએ મનમાં જાણવું. ॥૧૪૫॥

All shall maintain their expenses in proportion to their income but shall never exceed it. All shall realize that those who incur more expenses than their income will suffer great miseries. ||**145**||

द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यावहारिके ।
तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ॥१४६॥

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ॥૧૪૬॥

My followers shall regularly keep trackable records of their daily income and expenses and shall record them legibly in their own handwriting every day. ||**146**||

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः ।
अर्प्यो दशांशः कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ॥१४७॥

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધનધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો. ॥૧૪૭॥

My householder followers shall donate a *tithe* of their money, grains, etc. acquired by one's occupation in the service of Shri Krishna Bhagwān. Those who are financially deprived, shall instead donate one-twentieth part of their income. ||147||

एकादशीमुखानां च व्रतानां निजशक्तितः ।
उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ॥१४८॥

અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું. તે ઉદ્યાપન કેવું છે, તો મનવાંછિતફળનું આપનારું છે. ॥૧૪૮॥

My followers shall perform ceremonial observance of *vratas*, like *Ekādashi* and

celebrate them as prescribed in the religious scriptures according to their abilities, as performing such ceremonial observances yields desired results. ||148||

कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।
बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥१४९॥

અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવનું પૂજન જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વપ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું. ॥૧૪૯॥

Annually, during the month of *Shrāvan*, My followers shall perform, or have others perform, with great affection, the pujān of *Mahādev* using *Bilva* leaves. ||149||

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् ।
ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ॥१५०॥

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું અને વળી તે

પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણનાં મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ.॥૧૫૦॥

My followers shall never borrow money from their *Āchāryas* or from the temple of Shri Krishna Bhagwān; nor shall they borrow any utensils, ornaments, garments or such other articles from them for their personal or social use. ||**150**||

श्रीकृष्णगुरुसाधूनां दर्शनार्थं गतौ पथि ।
तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ॥१५१॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે જતાં માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ. તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ; કેમ જે તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું॥૧૫૧॥

While going for the *darshan* of Shri Krishna Bhagwān, guru and/or saints, one shall not accept food offered by others, either along the way or at those places of pilgrimage; for such food deprives one of their religious merits. (Therefore, they should partake in their own food.) ||**151**||

प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत् कर्मकारिणे ।
न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः ॥१५२॥

અને પોતાનાં કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ તે વાતને છાની ન રાખવી તથા પોતાનો વંશ તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો. ॥૧૫૨॥

They shall compensate the appropriate promised wages (either in cash or in food-

grains or both) to laborers for work, but shall never give less. They shall never keep an act of repayment of debt private (family lineage, matrimony of their daughters, etc.) and shall never deal or associate with wicked people. ||152||

दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा ।
लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ॥१५३॥

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય ॥૧૫૩॥

When loss of prestige, estate or when one's life is in threat due to a famine, by enemies or by the oppression of a king; ||153||

मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः ।
त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥१५४॥

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઈ ને સુખેથી રહેવું.॥૧૫૪॥

My followers, who are wise and discreet, shall immediately leave that place, even if it may be one's ancestral village or a place received as a gift. They shall move to a place where there is no distress and live there happily. ||154||

आढ्यैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः ।
तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥१५५॥

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા.॥૧૫૫॥

Those who are wealthy, shall perform non-violent rituals like Vishnu-yagnas and

shall provide food to deserving *Brāhmins* and saints in places of pilgrimage on auspicious days (like the twelfth day of each half of the month and such other days). ||**155**||

महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः ।
देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥१५६॥

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારના દાન દેવા. ॥૧૫૬॥

They shall also celebrate grand festivals in temples of Shri Krishna Bhagwān and shall give various kinds of alms to deserving *Brāhmins*. ||**156**||

: રાજાના વિશેષ ધર્મ :

Commandments of Kings

मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः ।
प्रजाः स्वाः पुत्रवत्पाल्या धर्मः स्थाप्यो धरातले ॥१५७॥

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું.॥૧૫૭॥

My followers who are kings shall govern their citizens like their own children in accordance to the *Dharma shāstras* and shall establish *Dharma* on Earth. ||157||

राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा ।
व्यवहारविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥१५८॥

અને તે રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જેતે લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં. અને તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા.॥૧૫૮॥

They should clearly understand the characteristics of the seven aspects of governing, four aspects for conflict

resolution, six qualities of diplomacy, and the important places to send spies and courtiers. They shall make themselves acquainted with men who are skilled in legal and social affairs and appropriately observe characteristics of those ought to be punished or not. ||158||

: સ્ત્રીઓના વિશેષ ધર્મ :

Commandments of Females

सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् ।
अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वचः ॥१५९॥

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ. અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ॥૧૫૯॥

Married women who are My followers shall serve their husbands like God, even if they

maybe blind, sick, poor or impotent and shall never speak harsh words to them. ||**159**||

रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।
प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥१६०॥

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. ॥૧૬૦॥

Married women shall never associate, even casually, with other men who are young, handsome or virtuous. ||**160**||

नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् ।
साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसङ्गिनी ॥१६१॥

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી; તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડભવાઈ જોવા ન જવું. અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ

તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ, તેમનો સંગ ન કરવો. ॥૧૬૧॥

All chaste and dutiful married women shall not behave or dress in a way where their navel, chest, or thighs are visible to other men. They shall never remain bare without clothes covering their body. They shall not watch or attend vulgar shows nor shall they associate with shameless (viz. immoral, lustful) women. ||**161**||

भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् ।
त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ॥१६२॥

અને તે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાનો પતિ પરદેશ ગયે સતે આભૂષણ ન ધારવાં ને રૂડાં વસ્ત્ર ન પહેરવાં ને પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો. ॥૧૬૨॥

When their husband is away at a distant place (for an extended period of time),

married women shall not wear ornaments or glamorous clothing. They shall not engage in humor or laughter with others nor shall they visit other people's home. ||**162**||

विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः ।
आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ॥१६३॥

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ. અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો પતિ બુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા. અને પોતાના પિતા પુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિષે વર્તવું પણ સ્વતંત્રપણે ન વર્તવું. ॥૧૬૩॥

Female followers who are widows shall serve Shri Krishna Bhagwān as their husband and shall always remain under the guidance of their father, son and such other relatives but shall never act independently. ||**163**||

स्वासन्नसम्बन्धहीना नराः स्पृश्या न कर्हिचित् ।
तस्मैस्तैश्च तास्मये भाष्यं नावश्यकं विना ॥१६४॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ. ॥૧૬૪॥

Those widows shall never touch males who are not their closest relatives. Young widows shall never speak to young males unless it is absolutely necessary. ||**164**||

स्तनन्धयस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिव ।
आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ॥१६५॥

અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી. અને કોઈ અવશ્યનું કામકાજ પડે તેને વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃદ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી. ॥૧૬૫॥

There is no fault in touching a suckling boy just as there is no fault in touching an animal. In addition, when sheer necessity arises, there is no harm in touching or talking to an old man. ||**165**||

विद्याऽनासन्नसंबन्धात्ताभिः पाठ्या न काऽपि नुः ।
व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ॥१६६॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તે થકી કોઈપણ વિદ્યા ન ભણવી; અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. ॥૧૬૬॥

Those widows shall not receive education from any males other than their nearest relatives and shall control their body and senses by frequent observances of various *vratas* and fasts. ||**166**||

धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् ।
देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकं तदा ॥१६७॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું; અને જો તેથી અધિક હોય તો આપવું. ॥૧૬૭॥

Those widows shall not donate money, even for religious purposes, if their financial means are only sufficient to support themselves throughout their life. If they have surplus funds, only then shall donations be contributed. ||167||

कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले ।
मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ॥१६८॥

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સૂવું અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષી આદિક જીવપ્રાણીમાત્ર તેમને ક્યારેય જાણીને જોવાં નહીં. ॥૧૬૮॥

Those widows shall take only one meal a day and shall sleep on the floor. They shall never look at animals, birds or any living

species that are engaged in coitus. ||**168**||

वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा ।
न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥१६९॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો તથા સંન્યાસણી તથા વૈરાગણી તેના જેવો વેષ ન ધારવો અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુદ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો. ॥૧૬૯॥

Those widows shall never dress up like married women or *sanyāsinis*. Also, they shall not dress up in vulgar clothing (against their regional, ancestral tradition or good manners). ||**169**||

सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः ।
शृङ्गारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ॥१७०॥

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો અને તેનો સ્પર્શ પણ ન કરવો. અને પુરુષના શૃંગારરસ સંબંધી જે વાર્તા તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૧૭૦॥

Those widows shall never associate with, nor even touch women who practice abortion. They shall not indulge in or hear amorous talks regarding men. ||170||

निजसम्बन्धिभिरपि तास्तये तस्तौनैरः ।
साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ॥१७१॥

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંતસ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું.॥૧૭૧॥

Except in the case of an emergency, young widows shall not stay alone in a secluded place with young men, even if they are their close relatives. ||171||

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।
न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥१७२॥

અને હોળીની રમત ન કરવી ને આભૂષણાદિકનું ધારણ ન કરવું અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવા જે ઝીણાં વસ્ત્ર તેનું ધારણ પણ ક્યારેય ન કરવું. ॥૧૭૨॥

They shall never take part in the festival of Holi, shall not wear ornaments, and shall not wear fine clothes interwoven with threads of gold or other metals. ||172||

सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् ।
स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥१७३॥

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્ર પહેર્યા વિના નહાવું નહિ અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. ॥૧૭૩॥

All female followers shall never bathe without their clothes on and shall never conceal their menstrual period. ||173||

मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला ।
दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥१७४॥

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા કેમ કે એ ગૃહસ્થ છે.) ॥૧૭૪॥

During their menstrual period, they shall not touch any person or clothes etc. for three days. On the fourth day, after taking a bath, they may touch them. ||174||

: બ્રહ્મચારીના વિશેષ ધર્મ :

Commandments of Brahmacharis

नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः ।
तैःस्पृश्या न स्त्रियो भाष्या न च वीक्ष्याश्च ता धिया ॥१७५॥

હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ. અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો; અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ, અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ॥૧૭૫॥

My *Naishthik Brahmachāri* followers shall never touch, talk, or intentionally look at females. ||175||

तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन ।
तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥१७६॥

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી અને ન સાંભળવી અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓના પગફેર હોય તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ॥૧૭૬॥

They shall never speak, nor listen to talks about females or perform the act of bathing etc. in places frequented by females. ||176||

देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजापि वा ।
